## આલિયાને ઘેરાયેલી જોઈ રણબીર કપૂર પેપરાઝી પર ભડક્યો



મુંબઈ, તા. 6: બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર ફરી એકવાર વાયરલ વીડિયોને લઈને ચર્ચામાં છે. આ વખતે મામલો ફોટોગ્રાફર્સ સાથે જોડાયેલો છે. મુંબઈમાં ફિલ્મ 'દાદી કી શાદી'ના સ્પેશિયલ સ્ક્રીનિંગ દરમિયાન રણબીર ફોટોગ્રાફર્સ પર નારાજ જોવા મળ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. રણબીર પત્ની આલિયા ભટ્ટ સાથે સ્ક્રીનિંગમાં પહોંચ્યો હતો. આ ઈવેન્ટ તેમની માતા નીતુ કપૂરની ફિલ્મ 'દાદી કી શાદી' માટે રાખવામાં આવી હતી. જેવા બંને વેન્યુની બહાર નીકળ્યા પેપરાઝીએ તેમને ચારે બાજુથી ઘેરી લીધા. વીડિયોમાં ભીડ અને કેમેરાની ધક્કા-મુક્કીથી રણબીર અસહજ દેખાયો હતો. વાયરલ ક્લિપમાં રણબીર પેપરાઝીને પાછળ હટવા અને અંતર જાળવી રાખવા માટે કહેતા જોવા મળી રહ્યો છે.

પેજ 3

## મિલિંદ સોમણનો નવો રેકોર્ડ: 60 વર્ષની ઉંમરે યુરોપથી આફ્રિકા સુધી દરિયો તરીને પાર કર્યો



નવી દિલ્હી, તા. 6: ભૂતપૂર્વ સુપરમોડેલ અને અભિનેતા સોમણે ફરી એકવાર કમાલ કરી બતાવી છે. 60 વર્ષની ઉંમરે સોમણે જિબ્રાલ્ટરની સ્ટ્રેટ તરીને એક મુશ્કેલ ઓપન-વોટર સ્વિમ પૂર્ણ કર્યું હતું. મિલિંદે ઇન્સ્ટાગ્રામ પર પોતાની મોટી સિદ્ધિ શેર કરી હતી, જેના કારણે ચાહકો અને ફિટનેસપ્રેમીઓ તરફથી મિલિંદને પ્રશંસાઓ મળી છે. 1 મે, 2026ના રોજ મિલિંદ સોમણે સ્પેનના તારિફાથી મોરોક્કોના દરિયાકાંઠે સ્વિમિંગ કરીને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત ખુલ્લા પાણીના માર્ગોમાંનો એક પૂર્ણ કર્યો હતો. ફિટનેસ પ્રત્યે સમર્પિત સોમણે એક પોસ્ટમાં તેના ચાહકો સાથે આ અનુભવ શેર કર્યો હતો. મિલિંદે પોસ્ટમાં લખ્યું, ''1 મેના રોજ, મેં યુરોપથી આફ્રિકા સુધી તરીને જિબ્રાલ્ટરની સ્ટ્રેટ પાર કરી. સૌથી ટૂંકુ અંતર લગભગ 15 કિમી છે. તે અદ્ભુત અનુભવ હતો.''

## અક્ષય કુમારે વિઝન કરેક્શન માટે આંખની સર્જરી કરાવી



મુંબઈ, તા. 6 પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત 'ભૂત બંગલા'ની સફળતાનો આનંદ માણી રહેલા અક્ષય કુમારે તાજેતરમાં દિગ્દર્શક અનીસ બઝમી સાથેના તેના આગામી પ્રોજેક્ટના શૂટિંગ દરમિયાન આંખની સર્જરી કરાવી છે. તેના અવિરત શેડ્યૂલ અને એક વર્ષમાં અનેક ફિલ્મો માટે જાણીતા આ અભિનેતાએ હવે તેના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે બ્રેક લીધો છે. અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતું કે, "આ એક નાની સર્જરી હતી જે 6 મે, બુધવારની સવારે કરવામાં આવી હતી. તે વિઝન કરેક્શન (દૃષ્ટિ સુધારણા) માટે હતી. અક્ષય હવે આરામ કરશે અને સાજો થશે. કારણ કે, તેણે અનીસ સાથેની તેની આગામી ફિલ્મનું કેરળમ શૂટિંગ શેડ્યૂલ પણ પૂર્ણ કરી લીધું છે, જેમાં વિદ્યા બાલન અને રાશિ ખન્ના પણ છે."

# બંગાળના રાજકારણમાં બાહુબલીઓ અને કરોડપતિઓનો દબદબો

**નવા** ચૂંટાયેલા 292 ધારાસભ્યોમાંથી 190 (65%) સામે ગુનાહિત કેસો નોંધાયેલા છે

**58%** ધારાસભ્યો સામે હત્યા, હત્યાનો પ્રયાસ અને મહિલાઓ વિરુદ્ધના ગંભીર ગુનાઓ જેવા આરોપો

**રાજ્યના** 61 ટકા ધારાસભ્યો કરોડપતિ, દરેક ધારાસભ્ય પાસે સરેરાશ રૂ.3.73 કરોડની સંપત્તિ

નવી દિલ્હી, તા. 6 (પીટીઆઈ): એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના અહેવાલ મુજબ, પશ્ચિમ બંગાળના નવનિર્વાચિત ધારાસભ્યોમાં ગુનાહિત ઈતિહાસ અને સંપત્તિમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

વર્ષ 2026ની વિધાનસભા ચૂંટણીના 292 વિજેતા ઉમેદવારોના સોગંદનામાના વિશ્લેષણ અનુસાર, 65 ટકા (190 ધારાસભ્યો)એ પોતાની સામે ગુનાહિત કેસો જાહેર કર્યા છે, જે 2021માં 142 (49 ટકા) હતા. આ પૈકી 170 ધારાસભ્યો (58 ટકા) ગંભીર ગુનાહિત આરોપોનો સામનો કરી રહ્યા છે આ પહેલાંની વિધાનસભામાં 113 ધારાસભ્યો સામે ગંભીર ગુનાના આરોપ હતા.

**ગુનાહિત ઇતિહાસની વિગતો:**

» ગંભીર ગુનાઓમાં 14 ઉમેદવારો સામે હત્યા અને 54 સામે હત્યાના પ્રયાસના કેસ છે.

» 63 વિજેતા ઉમેદવારો સામે મહિલાઓ વિરુદ્ધના ગુનાના કેસ છે, જેમાં બે સામે બળાત્કારના આરોપ છે.

» પક્ષવાર વિશ્લેષણ મુજબ, ભાજપના 206માંથી 152 (74 ટકા) અને ટીએમસીના 80 માંથી 34 (43 ટકા) ધારાસભ્યો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

» કોંગ્રેસના બંને વિજેતા ઉમેદવારો સામે કોઈ ગુનાહિત કેસ નથી.

**સંપત્તિ અને અન્ય વિગતો:**

» 61 ટકા ધારાસભ્યો કરોડપતિ છે, જે આંકડો 2021માં 54 ટકા હતો.

» ધારાસભ્યોની સરેરાશ સંપત્તિ 3.73 કરોડ રૂપિયા છે. ટીએમસીના ધારાસભ્યોની સરેરાશ સંપત્તિ 5.36 કરોડ અને ભાજપના ધારાસભ્યોની 2.97 કરોડ રૂપિયા છે.

» શિક્ષણની દ્રષ્ટિએ 63 ટકા ધારાસભ્યો સ્નાતક કે તેથી વધુ લાયકાત ધરાવે છે, જ્યારે 32 ટકાએ ધોરણ 5થી 12 સુધીનો અભ્યાસ કર્યો છે.

» મહિલા પ્રતિનિધિત્વમાં ઘટાડો થયો છે, 292માંથી માત્ર 37 (13 ટકા) મહિલા ધારાસભ્યો છે.

આ અહેવાલ રાજ્યના રાજકારણમાં વધતા જતા ગુનાખોરી અને સંપત્તિના પ્રભાવ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરે છે.

## પંજાબના હોશિયારપુરમાં રખડતા કૂતરાઓએ બાળકીને ફાડી ખાધી

હોશિયારપુર, તા. 6 (PTI): પંજાબના હોશિયારપુર જિલ્લાના એક ગામમાં બુધવારે સવારે રખડતા કૂતરાઓના ઝુંડે આઠ વર્ષની બાળકીને ફાડી ખાધી હતી. એમ પોલીસે જણાવ્યું હતું. મૃતકની ઓળખ સલોની તરીકે થઈ છે, જે પ્યારે લાલની પુત્રી છે. તેઓ મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી છે અને હાલ ટાંડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ખરાલ ખુર્દ ગામમાં રહે છે. આ ઘટના સવારે 8.30 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે બાળકી શાળાએ જવા માટે ઘરેથી નીકળી હતી. રસ્તામાં રખડતા કૂતરાઓના ઝુંડે તેને ઘેરી લીધી હતી અને ફાડી ખાધી હતી. જ્યારે બાળકી લાંબા સમય સુધી ઘરે પરત ન ફરી ત્યારે તેના પરિવારના સભ્યોએ તેની શોધખોળ શરૂ કરી હતી અને બાદમાં તે રસ્તાના કિનારે લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી.



# પંજાબના જલંધર અને અમૃતસરમાં 3 કલાકના અંતરે બે બોમ્બ વિસ્ફોટ

**પ્રથમ** વિસ્ફોટ મંગળવારે રાત્રે 8 વાગ્યે જલંધર BSF હેડક્વાર્ટર બહાર અને બીજો વિસ્ફોટ રાત્રે 11 વાગ્યે અમૃતસર આર્મી કેન્ટોનમેન્ટ નજીક થયો

**જલંધર** વિસ્ફોટની જવાબદારી ખાલિસ્તાન લિબરેશન આર્મીએ સ્વીકારી

**પંજાબ** પોલીસને અમૃતસર વિસ્ફોટ પાછળ પાકિસ્તાની એજન્સી ISIના ષડયંત્રની આશંકા

ચંદીગઢ, તા. 6 (પીટીઆઈ): પંજાબમાં મંગળવારે રાત્રે સુરક્ષા સંસ્થાઓની નજીક થયેલા બે શ્રેણીબદ્ધ વિસ્ફોટોએ સમગ્ર રાજ્યમાં ગભરાટ ફેલાવ્યો છે. પ્રથમ વિસ્ફોટ જલંધરમાં બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના પંજાબ ફ્રન્ટિયર હેડક્વાર્ટરની બહાર મંગળવારની રાત્રે 8 વાગ્યે થયો હતો, જ્યારે બીજો વિસ્ફોટ રાત્રે 11 વાગ્યાની આસપાસ અમૃતસરના ખાસા સ્થિત આર્મી કેન્ટોનમેન્ટની સરહદી દીવાલ પાસે થયો હતો. સદભાગ્યે, આ બંને ઘટનાઓમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

અમૃતસર ગ્રામીણ એસએસપી સુહેલ મીર કાસિમે જણાવ્યું કે પ્રાથમિક તપાસ મુજબ કોઈ અજાણ્યા શખ્સે દીવાલ તરફ વિસ્ફોટક ફેંક્યો હતો, જેના કારણે જોરદાર અવાજ સાથે ધડાકો થયો અને દીવાલ પરની ટીન શીટનો ટુકડો નીચે પડ્યો. ફોરેન્સિક અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે ઘટનાસ્થળેથી નમૂના એકત્ર કર્યા છે. બીજી બાજુ, જલંધરની ઘટનામાં બીએસએફ ગેટ પાસે પાર્ક કરેલા એક સ્કૂટરમાં વિસ્ફોટ બાદ આગ લાગી હતી, જેના કારણે ટ્રાફિક સિગ્નલ અને નજીકની દુકાનોના કાચને નુકસાન થયું હતું. આ સ્કુટર પાર્સલ ડીલવીરી કરનાર ગુરપ્રીત સિંહનું હતું.

પંજાબના ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું કે અમૃતસરનો વિસ્ફોટ ઓછી તીવ્રતાનો હતો અને આજે ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠ હતી આ કારણથી અમે અંદાજો લગાવીએ છીએ કે તેમાં પાકિસ્તાનની આઈએસઆઈનો હાથ હોવાની શંકા છે. જલંધર વિસ્ફોટ માટે 'ખાલિસ્તાન લિબરેશન આર્મી' (કેએલએફ)એ જવાબદારી સ્વીકારી છે, જેની પોલીસ અત્યારે ચકાસણી કરી રહી છે.

# મીડિયા ક્રાંતિના પ્રણેતા ટેડ ટર્નરનું 87 વર્ષની વયે નિધન



**24-કલાક** ન્યૂઝ સાઇકલના સર્જક હતા, CNN દ્વારા બદલી નાખી હતી સમાચારની દુનિયા

ન્યૂયોર્ક, તા. 6: ટેડ ટર્નર, જે મીડિયા ઉદ્યોગસાહસિક હતા અને જેમણે સીએનએનની શરૂઆત કરી તેમજ 24-કલાક ટેલિવિઝન ન્યૂઝ મોડેલના પ્રણેતા હતા, તેમનું 87 વર્ષની વયે અવસાન થયું છે. એમ ટર્નર એન્ટરપ્રાઈઝના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે.

ટર્નર દ્વારા સીએનએનની સ્થાપનાથી સમાચાર કેવી રીતે પહોંચાડવામાં આવે છે અને જોવામાં આવે છે તેમાં એક વળાંક સાબિત થયો, જેમાં એક એવું ફોર્મેટ રજૂ કરવામાં આવ્યું જેણે વિશ્વભરના ઘરોમાં વૈશ્વિક ઘટનાઓનું જીવંત અને સતત કવરેજ પહોંચાડ્યું. જેની શરૂઆત એક જોખમી વિચાર તરીકે થઈ હતી તે અંતે આધુનિક મીડિયાનું એક નિર્ણાયક લક્ષણ બની ગયું.

પોતાની સ્પષ્ટવક્તા શૈલી માટે જાણીતા ટર્નરે એક મીડિયા સામ્રાજ્ય ઊભું કર્યું જે સમાચારથી પણ આગળ વિસ્તર્યું હતું. તેમના સાહસોમાં કેબલનું પ્રથમ સુપરસ્ટેશન, તેમજ ફિલ્મો અને કાર્ટૂન પર કેન્દ્રિત મનોરંજન ચેનલોનો સમાવેશ થાય છે. તેઓ એટલાન્ટા બ્રેવ્સ સહિતની મુખ્ય સ્પોર્ટ્સ ફ્રેન્ચાઈઝીના માલિક પણ હતા.

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)
IDFC FIRST Bank
CIN L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નાઈ-600031.
ટેલિ.: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022.

**પરિશિષ્ટ IV [નિયમ 8(1)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

જેમ કે અધોહસ્તાક્ષરકર્તા, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણે લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાની રૂએ તારીખ 18.10.2025ના રોજ માંગણી નોટિસ જારી કરી હતી, જેમાં દેવાદાર, સહ-દેવાદારો અને જામીનદારો 1. લક્ષ્મણસિંહ ચૌહાણ, 2. હમીર કુંવરને નોટિસમાં જણાવેલ રકમ રૂ. 5,79,383.21/- (અંકે રૂપિયા પાંચ લાખ ઓગણાએંસી હજાર ત્રણસો ત્યાસી અને એકવીસ પૈસા પૂરા) જે તારીખ 16.10.2025ના રોજ બાકી હતી, તે સદર માંગણી નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું.
દેવાદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી દેવાદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વંચાણે લેતા અધિનિયમની કલમ 13ની પેટા કલમ (4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ આજે તારીખ 03 મે 2026ના રોજ અહીં નીચે વર્ણવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.
દેવાદારોને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)ના રૂ. 5,79,383.21/- (અંકે રૂપિયા પાંચ લાખ ઓગણાએંસી હજાર ત્રણસો ત્યાસી અને એકવીસ પૈસા પૂરા) અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે. સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં દેવાદારનું ધ્યાન અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, પ્લોટ નં. 62નું પરિસર જેનું ક્ષેત્રફળ 40.15 ચો. મીટર છે, જેની સાથે રોડ અને COPમાં 33.18 ચો. મીટરનો પ્રમાણસર અવિભાજિત હિસ્સો છે, જે કુલ 73.33 ચો. મીટર થાય છે, "નીલકંઠ વિલા" જે ગુજરાત રાજ્ય, જિલ્લો: સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: માંગરોળ, મોજે: ગામ કુંવરદા, રેવન્યુ સર્વે નં. 348 પૈકી, 350/2, 351, બ્લોક નં. 327/A જેનું ક્ષેત્રફળ 8100 ચો. મીટર છે, રહેણાંક હેતુ માટેની બિનખેતી (N.A.) જમીન પૈકીની જમીન પર વિકસાવેલ છે અને સદર મિલકતની સીમાઓ આ મુજબ છે: પૂર્વમાં: સોસાયટીનો રોડ, પશ્ચિમમાં: પ્લોટ નં. 65, ઉત્તરમાં: પ્લોટ નં. 61, દક્ષિણમાં: પ્લોટ નં. 63.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંમિશ્રિત)

તારીખ: 03-05-2026
સ્થળ: ગુજરાત
લોન એકાઉન્ટ નં: 28423910

**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
DGVCL
CIN U40102GJ2003SGC042909
ધરમપુર વિભાગીય કચેરી
રાજમહેલ રોડ, ફાયર સ્ટેશન ની બાજુમાં, ધરમપુર
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત**

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ચીવલ | ૧૧ કે.વી.તમામ ફિડરો | નાનાપોંઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૮.૦૫.૨૦૨૬/ શુક્રવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૨ | ૬૬ કે.વી. પાનસ | ૧૧ કે.વી.તમામ ફિડરો | નાનાપોંઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૦૯.૦૫.૨૦૨૬/ શનિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |
| ૩ | ૬૬ કે.વી. પાનસ | ૧૧ કે.વી.તમામ ફિડરો | નાનાપોંઢાં | ૮૯૮૦૮૦૩૯૫૩ | ૧૦.૦૫.૨૦૨૬/ રવિવાર | ૦૭:૦૦ થી ૧૧:૦૦ કલાક |

નોંધ: સમારકામ પૂર્ણ થયેથી કોઈપણ પ્રકારની પૂર્વ સુચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર
વિભાગીય કચેરી, ધરમપુર

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

## ઓપરેશન સિંદૂરની આજે પ્રથમ વર્ષગાંઠ

નવી દિલ્હી, તા. 6 (PTI): ગયા વર્ષે થયેલા પહલગામના કાયરતાપૂર્ણ આતંકી હુમલાના અઠવાડિયાઓ પછી શરૂ કરાયેલ 'ઓપરેશન સિંદૂર'એ ડ્રોન-નેટવર્કિંગનો વ્યાપક ઉપયોગ અને લક્ષ્ય વિશ્લેષણ તથા પ્રાપ્તિમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સંકલન દ્વારા ભારતની રાષ્ટ્રીય સુરક્ષા ગણતરીમાં એક પરિવર્તનકારી વળાંક તરીકે ચિહ્નિત કર્યું છે. સીમાપારના આતંકવાદને પાકિસ્તાનના અવિરત સમર્થન માટે તેને સજા આપવા માટે અડધી સદીમાં ભારતીય સૈન્યના સૌથી વ્યાપક મલ્ટી-ડોમેન લડાયક મિશન તરીકે ઓળખાતા આ ઓપરેશને ભારતની સર્વોચ્ચ સુરક્ષા અને વ્યૂહાત્મક લક્ષ્યોને ફરીથી વ્યાખ્યાયિત કર્યા છે. ભારતની આ કાર્યવાહીને પાકિસ્તાનને આતંકવાદને સમર્થન આપવા બદલ ફટકો મારવાની તેની 'રાજકીય ઈચ્છાશક્તિ'ના નિવેદન તરીકે જોવામાં આવી હતી, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત ઈસ્લામાબાદ દ્વારા આપવામાં આવતી કોઈપણ ન્યુક્લિયર બ્લેકમેલિંગને સહન કરશે નહીં. ઓપરેશન પછીના છેલ્લા એક વર્ષ દરમિયાન, ભારતની ત્રણેય પાંખોએ નવા પ્લેટફોર્મ્સ, મિસાઈલો અને વિવિધ લાંબા તેમજ ટૂંકા અંતરના ડ્રોન પ્રાપ્ત કરીને અને સમગ્ર હવાઈ સંરક્ષણ પ્રણાલીને મજબૂત કરીને તેમની લડાયક સજ્જતા વધારવા માટે વ્યાપક યોજનાઓ, વ્યૂહરચના અને નીતિ વિષયક પહેલ તૈયાર કરી છે.

**પ્રવેશ જાહેરાત**
**બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, જિ.નર્મદા**
(ગુજરાત એક્ટ નં.૧૫/૨૦૧૭ દ્વારા સ્થાપિત સ્ટેટ યુનિવર્સિટી)

આદિજાતિ વિકાસ વિભાગ, ગુ.રા., ગાંધીનગર દ્વારા સ્થાપિત બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી- રાજપીપલા, જિ.નર્મદા ખાતે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૬-૨૭ માં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષામાં નીચેની વિગતે વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. પ્રવેશ મેળવવા લાયક વિદ્યાર્થીઓએ જાહેરાત પ્રસિધ્ધ થયાથી http://bmtu.ac.in/ વેબસાઇટ પરથી પ્રવેશ અંગેની આનુષંગીક કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | પ્રોગ્રામ | મુખ્ય વિષય | પ્રવેશ માટે સીટ (સંભવિત) | પ્રવેશ માટેની લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | બી.એ. સેમેસ્ટર - ૧ | અંગ્રેજી | ૬૦ | કોઈપણ પ્રવાહમાં ધો-૧૨ |
| | | અર્થશાસ્ત્ર | ૬૦ | |
| ૨ | બી.કોમ. સેમેસ્ટર - ૧ | ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ | ૬૦ | ધો-૧૨ વાણિજ્ય પ્રવાહ |
| ૩ | બી.એસસી. સેમેસ્ટર - ૧ | ઝુઓલોજી | ૬૦ | ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ |
| | | કેમેસ્ટ્રી | ૬૦ | |
| ૪ | એમ.એ. સેમેસ્ટર - ૧ | અંગ્રેજી | ૬૦ | બી.એ. (અંગ્રેજી) |
| | | અર્થશાસ્ત્ર | ૬૦ | બી.એ. (અર્થશાસ્ત્ર) |
| ૫ | એમ.કોમ સેમેસ્ટર - ૧ | ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ | ૬૦ | બી.કોમ. |
| ૬ | એમ.એસસી. સેમેસ્ટર - ૧ | ઝુઓલોજી | ૬૦ | બી.એસસી. (ઝુઓલોજી) |
| | | કેમેસ્ટ્રી | ૬૦ | બી.એસસી. (કેમેસ્ટ્રી) |
| ૭ | એમ.એસસી. - આઈટી સેમેસ્ટર - ૧ | કોમ્પ્યુટર | ૬૦ | કોઈપણ સ્નાતક |
| ૮ | PGDCA સેમેસ્ટર - ૧ | કોમ્પ્યુટર | ૬૦ | કોઈપણ સ્નાતક |
| ૯ | એમ.એસ. ડબલ્યુ. સેમેસ્ટર - ૧ | સોશિયલ વર્ક | ૬૦ | કોઈપણ સ્નાતક |

- પ્રવેશ માટેની તમામ સુચનાઓ ધ્યાનથી વાંચી છાત્રોએ http://bmtu.ac.in/ પરથી ઓનલાઇન અથવા કોલેજ ઓફિસ પરથી પરથી ઓફલાઇન પ્રક્રિયા દ્વારા પોતાનો પ્રવેશ મેળવવાનો રહેશે.
- છાત્રોની સુવિધા માટે યુનિવર્સિટી કેમ્પસના વિદ્યાસાધના ભવન-૨ પર વધુ માર્ગદર્શનની સુવિધા ઉપલબ્ધ છે.
- પ્રવેશ માટેની કાર્યવાહી અંગે અંતિમ તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયાથી પંદર (૧૫) દિવસ સુધી http://bmtu.ac.in/ પરથી ઓનલાઇન / ઓફલાઇન કરવાની રહેશે.

વધુ માહિતી માટે
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપલા, વિદ્યાસાધના ભવન-૨, બી.એમ.ટી.યુ. મુખ્ય કેમ્પસ, જીતનગર, રાજપીપલા, તા.નાંદોદ જિ. નર્મદા, ગુજરાત-૩૯૩૧૪૫

કા.કુલસચિવ
બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી
રાજપીપલા

સ્થળ :- રાજપીપલા
તા. :- ૦૬/૦૫/૨૦૨૬ માહિતી/નર્મદા/૩૦/૨૦૨૬-૨૭

**પંજાબ નેશનલ બેંક** punjab national bank ...the name you can BANK upon!
**પરિશિષ્ટ –૪ (જુઓ રૂલ ૮(૧)**
**કબજા નોટીસ**

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨(રૂલ ૩) સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ તારીખે ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારો / જામીનદાર/ગીરવેદાર ને તેમના ખાતાની સામે દર્શાવેલ રકમ આ નોટીસ/તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો / જામીનદાર/ ગીરવેદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો /જામીનદાર/ ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમોનાં અંતર્ગત ધારા ૧૩ (૪)ના સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વંચાણે લઈ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી નીચે દર્શાવેલ મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો / જામીનદાર/ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો તે પંજાબ નેશનલ બેંકની બાકી રકમ અને તેના ઉપરનાં વધારાનાં વ્યાજને આધીન રહેશે.

| અ. નં. | શાખાનું નામ / દેવાદારનું નામ (મિલકતના માલિક) | મોર્ગેજ કરેલ મિલકતની વિગત અને કબજાનો પ્રકાર નીચે જણાવ્યા મુજબ | ડીમાન્ડ નોટીસની તારીખ / કબજો નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસ મુજબ બાકી લેણાંની રકમ + વધારાનું વ્યાજ અને તેના પર ખર્ચાઓ |
|---|---|---|---|
| ૧. | **પીએનબી : પરવત પાટીયા શાખા (૨૨૨૪૧૦) દુકાન નં. ૫–૭, દર્શન રેસીડન્સી, વીઆઈપી કેનલ રોડ, પુણાગામ ચાર રસ્તા, સુરત– ૩૯૫૦૧૦** / **શ્રી સંદિપ ભાતુભાઈ વાડેકર અને શ્રીમતી જયોતી સંદિપ વાડેકર** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રાધીકા રેસીડન્સી નો પ્લોટ નં. ૪૬૭, મંજુર થયેલ પ્લાનનુ માપ ૪૦.૧૮ ચો.મીટર, અને સાઈટ મુજબ માપ ૪૦.૧૩ ચો.મીટર, ૨૯.૫૦ ચો.મીટર સી.ઓ.પી. અને રોડ ના વણવહેચાયેલ હિસ્સા સહિત, બ્લોક/ સર્વે નં. ૮૩/એ માપ ૪–૫૫–૪૫ ચો.મીટર, ગામ : કારેલી, સબ ડિસ્ટ્રીકટ: પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વે** : જોડેનો પ્લોટ નં. ૪૮૦, **પશ્ચિમે** : જોડેની સોસાયટી નો રોડ, **ઉત્તરે** : જોડેનો પ્લોટ નં. ૪૬૬, **દક્ષિણે** : જોડેનો પ્લોટ નં. ૪૬૮. | ૧૯.૦૭.૨૦૨૫ / ૦૩.૦૫.૨૦૨૬ / ૮,૯૩,૫૬૬.૨૦ ( અંકે રૂા. આઠ લાખ ત્રાણું હજાર પાંચસો છાસઠ અને વીસ પૈસા પુરા) તા. ૧૦.૦૭.૨૦૨૫ ના રોજના (તા. ૧૦.૦૭.૨૦૨૫ સુધી ના વ્યાજ સહિત) |
| ૨. | **પીએનબી : પરવત પાટીયા શાખા (૯૭૨૬૦૦) દુકાન નં. ૩૪ થી ૩૭, કેપીટલ સ્કેવર, ડિંડોલી રોડ, સુરત–૩૯૫૦૧૦** / **શ્રી ધનરાજ ઠાકરે** | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે રાધિકા રેસીડન્સી, નો પ્લોટ નં.૩૨૬, તેનું માપ એરીયા ૪૦.૧૮ ચો.મીટર (મંજુર પ્લાન મુજબ) અને એરીયા માપ ૪૦.૧૩ ચો.મીટર( સાઈટ મુજબ) રોડ અને સીઓપીના માપ ૨૯.૫૦ ચો.મીટર વણવહેચાયલ મિલકતના પ્રમાણસર હિસ્સા સહિત જમીન નો બ્લોક/સર્વે નં. ૮૩/એ માપ ૪–૫૫–૪૫ ચો.મી, ગામ. કારેલી, તા.પલસાણા, જી.સુરત ખાતે **શ્રી ધનરાજ ઠાકરે** ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : સોસાયટીનો રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૩૦૧, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૩૨૫, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૩૨૭. | ૧૬.૧૦.૨૦૨૫ / ૦૩.૦૫.૨૦૨૬ / ૮,૫૪,૯૧૯.૮૨ ( અંકે રૂા. આઠ લાખ ચોપ્પન હજાર નવસો ઓગણીસ અને બ્યાશી પૈસા પુરા) તા. ૩૦.૦૯.૨૦૨૫ ના રોજના (તા. ૨૭.૦૯.૨૦૨૫ સુધી ના વ્યાજ સહિત) |

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
(આ સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તારીખ : ૦૩.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

**જાહેરનામું**
**મહેસુલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
(જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦ મો))

જીલ્લો :- સુરત
ક્રમાંક નં:- અમ-મ-૨૦૨૬-૩૯૧-જસત-૧૪૨૦૨૫-૨૭૭-ઘ તા:- 22 APR 2026

આ સાથે સામેલ અનુસૂચીમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેરહેતુ માટે એટલે કે, "મોજે. કપ્લેથા, તા. ચોરાસી, જિ.સુરત ખાતેથી પસાર થતાં સુરત સચીન નવસારી રોડ કી.મી. ૧૩/૪ થી ૨૧/૪ હાઈસ્પીડ કોરિડોર અંતર્ગત સિક્સ (૬-લેન) રોડ બનાવવાના" (જેનો આમાં હવે પછી "જાહેર હેતુની યોજના" એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ના આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટે "કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ નં.૧, સુરત" (જેનો આમાં હવે પછી "સંપાદક સંસ્થા" એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ને જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) હવે જયારે, ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામાં ક્રમાંક:- અમ-મ-૨૦૨૫-૭૦-જસત-૧૪૨૦૨૫-૨૭૭-ઘ, તા.૦૬-૦૨-૨૦૨૫થી ગુજરાત સરકારે "જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩" (૨૦૧૩ નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ-૧૦(એ) [(જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકારે જાહેર " મોજે. કપ્લેથા, તા.ચોરાસી, જિ.સુરત ખાતેથી પસાર થતાં સુરત સચીન નવસારી રોડ કી.મી.૧૩/૪ થી ૨૧/૪ હાઈસ્પીડ કોરિડોર અંતર્ગત સિક્સ (૬-લેન) રોડ બનાવવાના" માટેના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચી ક્ષેત્રફળની જમીનને "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે. અને

(૨) હવે જયારે રાજ્ય સરકારે સદરહુ અધિનિયમની કલમ-૪૩(૧)ની પેટા કલમ-૧ થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામાં ક્રમાંક:-અમ-મ-૨૦૨૫-૩૦૨-જસત-૧૪૨૦૨૫-૨૭૭-ઘ, તા.૧૪/૦૫/૨૦૨૫ થી ખાસ જમીન સંપાદન અધિકારી શાખા - ૧ સુરત, ને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચી વિસ્તારની જમીનના સંપાદનના સબંધમાં પુન:સ્થાપન અને પુનર્વસનના વહીવટદાર તરીકે નિમણુંક કરેલ છે

(૩) હવે જયારે જમીન સંપાદન પુન:સ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિનિયમ- ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો ) (જેનો હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ - (૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામાં ક્રમાંક:- અમ-મ-૨૦૨૫-૩૦૨-જસત-૧૪૨૦૨૫-૨૭૭-ઘ, તા.૧૪/૦૫/૨૦૨૫ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે

(૪) હવે જયારે "સદરહુ અધિનિયમ" ની કલમ-૧૫ની પેટા કલમ-૨ નીચેના ખાસ જમીન સંપાદન અધિકારી શાખા-૧, સુરતના અહેવાલને વિચારણામાં લીધા બાદ રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે

(૫) તેથી હવે, "સદરહુ અધિનિયમ"ની કલમ-૧૯ (૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી સત્તાવાર જાહેરાત કરે છે કે, સદરહુ અનુસુચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

(૬) ગુજરાત સરકાર "સદરહુ અધિનિયમ"ની કલમ-૩(૪) થી મળેલ સત્તા અન્વયે ઉક્ત જમીનોના સબંધમાં "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેકટર તરીકે કરવાના તમામ કર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારી શાખા-૧, સુરતની નિમણુંક કરેલ છે.

(૭) સદરહું અનુસુચિત જમીનોના નકશા, ખાસ જમીન સંપાદન અધિકારી શાખા-૧,એ/૪, બહુમાળી મકાન, નાનપુરા, સુરત ખાતે તપાસી શકાશે.

અનુસૂચિ
જીલ્લો :- સુરત તાલુકો :- ચોરાસી ગામનું નામ :- કપ્લેથા

| અનુ. નં. | ઉપ વિભાજન પહેલા સર્વે નંબર / બ્લોક નંબર | સંપાદિત કરવાની થતી જમીનનો વિસ્તાર (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૭૦૬ | ૦૦-૦૧-૦૧ |
| ૨ | ૭૦૯ | ૦૦-૩૮-૮૬ જરા+ ૦૦-૦૦-૫૦ ખ કુલ ૦-૩૯-૩૬ |
| ૩ | ૭૧૦ | ૦૦-૦૪-૧૯ જરા+ ૦૦-૦૦-૧૩ ખ કુલ ૦૦-૦૪-૩૨ |
| ૪ | ૭૧૧ | ૦૦-૦૪-૪૮ |
| ૫ | ૭૩૩ | ૦૦-૦૭-૩૭ કયા+ ૦૦-૦૮-૭૯ જરા કુલ ૦૦-૧૬-૧૬ |
| ૬ | ૭૩૪ | ૦૦-૦૬-૯૮ |
| ૭ | ૭૧૨ | ૦૦-૦૬-૭૧ |
| ૮ | ૧૭૭ | ૦૦-૧૩-૫૩જરા |
| ૯ | ૧૧૯ | ૦૦-૦૨-૩૦ |
| ૧૦ | ૧૨૦ | ૦૦-૦૨-૩૭ જરા |
| ૧૧ | ૧૨૧ | ૦૦-૦૪-૨૬ જરા |
| ૧૨ | ૧૨૨ | ૦૦-૦૫-૭૧ |
| ૧૩ | ૧૦૮ | ૦૦-૦૮-૨૭ |
| ૧૪ | ૧૦૭ | ૦૦-૧૧-૨૩ જરા |
| ૧૫ | ૧૨૮ | ૦૦-૦૨-૫૧ |
| ૧૬ | ૧૨૯ | ૦૦-૦૬-૦૯ જરા ૦૦-૦૦-૨૬ ખ કુલ ૦-૦૬-૩૫ |
| | કુલ | ૦૧-૩૫-૫૫ |

(૮) તા.૧૪/૦૫/૨૦૨૫ના ક્રમાંક:- અમ-મ-૨૦૨૫-૩૦૨-જસત-૧૪૨૦૨૫-૨૭૭-ઘ, સાથેની અનુસુચિમાં નીચેની વિગતે દર્શાવેલ જમીન ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જરૂરી નથી તેમ ગુજરાત સરકારને આથી જણાય છે. તેથી તે જમીનનું ઉપર દર્શાવેલ હેતુ માટે નું સંપાદન આથી પડતું મુકવામાં આવેલ છે.

જીલ્લો :- સુરત તાલુકો :- ચોરાસી ગામનું નામ :- કપ્લેથા

| અનુ.નં. | સર્વે/ બ્લોક નંબર | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૭૧૦ | ૦૦-૦૨-૪૭ |
| ૨ | ૭૧૮ | ૦૦-૦૨-૬૪ |
| ૩ | ૭૧૨ | ૦૦-૦૫-૪૩ |
| ૪ | ૧૭૭ | ૦૦-૦૬-૭૬ |
| ૫ | ૧૧૯ | ૦૦-૦૩-૩૩ |
| ૬ | ૧૨૦ | ૦૦-૦૩-૩૬ |
| ૭ | ૧૨૧ | ૦૦-૦૩-૧૦ |
| ૮ | ૧૨૨ | ૦૦-૦૨-૭૬ |
| ૯ | ૧૦૮ | ૦૦-૦૦-૮૨ |
| ૧૦ | ૧૨૮ | ૦૦-૦૫-૮૧ |
| ૧૧ | ૧૨૯ | ૦૦-૦૯-૦૫ |
| | કુલ | ૦૦-૪૫-૮૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રી ના હુકમથી તમના નામે.

(પ્રેરક જે. પટેલ)
સરકારના નાયબ સચિવ

ક્રમાંક: માહિતી-સૂરત/૭૩/૨૦૨૬